ડુમસના 'ટાઈગર' દીપક ઈજારદારની 'ગુજરાત મિત્ર' ને હાર્દિક શુભેચ્છા

શ્રી ગણેશાય નમઃ
ઓમ નમઃ શિવાય .....ઓમ નમઃ શિવાય ...
જય શ્રીરામ.. જય શ્રીરામ.. જય શ્રીરામ..
જય શ્રી કૃષ્ણ...
નમસ્કાર.... નમસ્કાર.... નમસ્કાર....

હું દીપક ધીરૂભાઈ ઈજારદાર, રહેવાસી : સુલતાનાબાદ-ડુમસ સુરતના અગ્રણી લેન્ડ ડેવલપર શહેરના એકમાત્ર સૌથી જૂના અને લોકપ્રિય દૈનિક "ગુજરાતમિત્ર" ને તેની ૧૬૪મી વર્ષ ગાંઠ નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. જાહેર જનતાની સમસ્યાઓ તેમજ તકલીફોને વાચા આપનાર "ગુજરાતમિત્ર" દૈનિક દિન-પ્રતિદિન પ્રિન્ટ મીડિયાના ક્ષેત્રમાં અગ્રસર રહે તેવી અપેક્ષા રાખું છું. કોઈની પણ સાડાબારી રાખ્યા વિના જનતાના પ્રહરી તરીકે નીડર પત્રકારાત્વની મશાલ તેના દ્વારા સતત પ્રજ્વલિત રહે તે માટે પણ શુભકામનાઓ પાઠવું છું.

આજે પ્રિન્ટ, ઈલેકટ્રોનિકસ અને સોશિયલ મિડીયાના પ્રતાપે "ગુજરાતમિત્ર" દૈનિકના વાચકો દીપક ધીરૂભાઈ ઈજારદારના વ્યકિતત્વથી સુપરિચિત છે જ. તેમ છતાં "ગુજરાતમિત્ર" ના રોજે રોજ નવાં નવાં ઉમેરાતા યુવા વાચકો પણ દીપક ઈજારદારના વ્યકિતત્વથી પરિચિત થાય અને ખાસ કરીને આજની જેન-ઝી જનરેશન તેમાંથી પ્રેરણા મેળવી સમાજ માટે ઉપયોગી બને તેવા હેતુથી મારા અને મારા શુભચિંતકોના હસ્તે લખાયેલ મારૂં જીવનચરિત્ર અત્રે પ્રસ્તુત છે.

મારા પૂજય પિતાશ્રીનું નામ ધીરૂભાઈ પરભુભાઈ ઈજારદાર અને જનેતાનું નામ મણીબેન ધીરૂભાઈ ઈજારદાર. માતા પિતા શરૂઆતથી ખાદીધારી હતા. તેઓ લસણ કે કાંદો પણ ખાતા ન હતાં. સંપૂર્ણપણે વેજીટેરીયન અને નિર્વ્યસની હતા. મારાથી મોટી ત્રણ બહેનો હર્ષાબેન, સુધાબેન અને ભાવનાબેન ના જન્મ બાદ પુત્ર જન્મ માટે ચાલીસ જેટલા હિન્દુ અને દસ મુસ્લિમ પરિવારોએ રીતસર બાધા રાખી હતી. જે ફળી અને તા. ૧૨/૧૧/૧૯૬૭ના રોજ દેવઊઠી એકાદશીના શુભ દિને રાત્રે ૧૦:૩૬ કલાકે સુરત જનરલ હોસ્પિટલમાં મારો જન્મ થયો. પિતા મારા ધીરૂભાઈ પરભુભાઈ ઈજારદાર અલગ મિજાજનું વ્યકિતત્વ ધરાવતા હતા. તેઓ સ્વભાવે નીડર, ગરીબોના હામી અને અન્યાય વિરૂધ્ધ અવાજ ઉઠાવનાર હતા. આઝાદીની લડાઈ વખતે તેઓ ખૂબ જ સક્રિય હતા. મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ તેમની પ્રેરણામૂર્તિ હતા. ધાર્મિક પણ એટલા જ. સચીનના છેલ્લાં નવાબ સિરાજુદ્દીનની જનવિરોધી નીતિનો વિરોધ કરવા માટે તેમને જેલમાં પણ જવું પડયું હતું. તે વખતે સ્થાનિક લોકોનો તેમને ખૂબ મોટો ટેકો મળ્યો હતો. જે જોઈ એમના સમર પેલેસ ખાતે સચીનના નવાબ ડઘાઈ ગયા હતા અને તેમને મારા પિતાની સામે તેઓને નીચું જોવાનો વારો આવ્યો હતો. મારા પિતાશ્રી અને મોરાર ભાઈ કરસનભાઈ પીઠાવાળા બન્ને ગાઢ મિત્રો હતા. પિતાની રાજકીય, સામાજિક અને ધાર્મિક ગતિવિધિઓના કારણે અમારા ઘરમાં ઉચ્ચ લેવલના, સરકારી અધિકારીઓ, રાજકીય અગ્રણીઓની સાથે સાધુ-સંતોની સતત અવર-જવર રહેતી હતી જેનો ઘનિષ્ઠ પ્રભાવ મારા જીવન અને વિચારસરણી ઉપર પડવા પામ્યો છે.

પ્રખર હિન્દુ નેતાશ્રી ડો. પ્રવીણ તોગડીયા સાથે

મારા પિતા મૂળ કોંગ્રેસી હતા. પરંતુ પ્રખર ગાંધીવાદી નેતાઓના અવસાન બાદ કોંગ્રેસ દિશાહીન થતી ગઈ. બીજી તરફ રાષ્ટ્રવાદી ભાજપાનો સુરજ આકાશમાં મધ્યાહને તપવા માંડતા અને તેની સનાતન ધર્મ બચાવ નીતિથી આકર્ષાઈ તેમજ પુત્ર કમળનો ચાહક હોવાથી પુત્રપ્રેમના કારણે જીંદગીના અંતિમ વર્ષોમાં તેઓ ભાજપા તરફ ઢળ્યા હતાં. મને યાદ છે કે ગુજરાતના તત્કાલિન ગૃહપ્રધાન સી.ડી. પટેલે સ્વતંત્રતા બાદ વર્ષો પછી મારા પિતાને સ્વાતંત્ર સેનાનીનું બિરૂદ અને લાભ આપવા ઘરે આવેલા અને એનો શિરપાવ તથા અન્ય લાભો લેવા જણાવ્યું હતું જેનો મારા પિતાએ ધરાર ઈન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે દેશ માટે મેં જે કાંઈ કર્યું તે મારી ફરજ હતી આવું જયારે મારા પિતાએ કહ્યું ત્યારે મને દિવ્ય અનુભુતિ થઈ હતી અને હું આંચકો ખાઈ ગદગદિત થઈ ગયો હતો. આવા વિચારો અને સંસ્કારો મેં આજે પણ જાળવી રાખ્યા છે.

મારી 'પુણ્યશલીલા' માતૃશ્રી સ્વ. મણીબેન ધીરૂભાઈ ઈજારદાર એક વિરલ વ્યકિતત્વ હતાં. આઝાદી પહેલાં તેઓ ભારત માતા પણ બન્યાં હતાં. તેમના લાડ-પ્યાર, ધાર્મિક સંસ્કારો અને વિચારોની મારા વ્યકિતત્વ ઉપર ઊંડી છાપ આજે પણ કાયમ છે. દરેક સફળ પુરૂષ પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે ત્યારે મારી સફળતા પાછળ મારી પ્રેરણામૂર્તિ માતાનો હાથ છે તેવું હું ગર્વથી કહું છું. ગરીબો, પીડિતો અને શોષિતોની સેવા કરવાના મારી માતાના ધ્યેયને હું વરેલો છું અને તેમના અધુરાં સપનાઓને પુરા કરવા સતત પ્રયત્નશીલ રહું છું.

મારા માતા-પિતા બાદ મારી ત્રણ બહેનો હર્ષાબેન, સુધાબેન અને ભાવનાબેનનો પણ મારા જીવન ઉપર સારો પ્રભાવ રહ્યો છે. મારી ત્રણેય બહેનોએ જીવનના ડગલેને પગલે ઘણાં દુઃખો અને તકલીફ વેઠયાં છે. હજી પણ તેઓનો કસોટી કાળ ચાલી રહ્યો છે. જીવનની ઘણી ચડતી-પડતી તેઓએ જોઈ છે, તડકો-છાંયડો વેઠયા છે. છતાં હિમ્મત હાર્યા વિના ત્રણેય બહેનોએ જે આત્મવિશ્વાસ અને આત્મ સમ્માન સાથે જીંદગી જીવી છે તે દરેક મહિલા માટે ઉત્તમ ઉદાહરણ છે. પરમ કૃપાળુ પરમેશ્વરની કૃપાથી તા. ૨૧-૧૨-૨૦૦૬ ના રોજ મારા ઘરે પુત્ર રત્નનો જન્મ થયો. જેનું નામ અમે ધ્યેય રાખ્યું છે. મારા કાળજાના ટુકડા એવા ધ્યેયને પણ હું મારા માતા-પિતાએ ચીંધેલા જીવનપથ ઉપર ચલાવવા માટે પ્રેરિત કરી રહ્યો છું. તા. ૨૧-૧૨-૨૦૨૬ ના દિને તે ૨૦ વર્ષનો થશે, ત્યારે તેના જન્મદિનની ભવ્ય ઉજવણીનો પ્લાન તૈયાર છે. મેં તેના સંસ્કાર સિંચનમાં કોઈ કચાસ રાખી નથી. તેને સોફટવેર

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે

એન્જીનીયર બનવું છે, તેમજ એમ.બી.એ. તથા હોટલ મેનેજમેન્ટ બાબતે તેને ખુબ નોલેજ છે, આવતા વર્ષે જાન્યુઆરીમાં તે વધુ અભ્યાસ માટે યુ.એસ.એ. જવાની તૈયારી કરી રહ્યો છે. મને ગર્વ છે કે મારા ડુમસ અને કાંઠા વિસ્તારમાં મારો બહોળો અને વિશાળ પરિવાર રહે છે જેના દરેક સભ્યો મારા પ્રત્યે અસીમ પ્રેમ, વિશ્વાસ અને લાગણીઓ ધરાવે છે મારી માં સમાન સન્નારીઓમાં ચંદ્રિકા કાકી, સરસ્વતી કાકી, સુશીલા કાકી, ગંગામાસી, બેબી માસી, માનકોર માસી, સરસબેન, (મહેશ પીઠાવાળાના સાસુ) પુષ્પા રામલાલ, દિવાળીકાકી, સંતુકાકી, નવી કાકી, જમનાબેન ચંદુલાલ, પુષ્પા ધીરૂ ગોરિયા, કુસુમબેન (સાસુ) નો સમાવેશ થાય છે. જ્યારે કૌટુંબિક ભાભીઓમાં સર્વશ્રી મંજુલા, ગીતા, કલ્પના, ઈલા, હેમા, અંકિતા, જયના, નંદુ, શ્વેતા, જ્યોતિ, નિરુ, ડીમ્પલ, અલ્પીતા, સજના પ્રવીણ પટેલ, હેત્વી કૃણાલ રાજાભાઈ વિગેરેનો સમાવેશ થાય છે. કૌટુંબિક દીકરીઓમાં શ્વેતા, રીંકલ, નોની, રાધા, શ્રેયા, પ્રિયા, પલક, પ્રાર્થવી, ઉન્નતિ, ફાલ્ગુની, શ્રુતિ, રુચિ, ઈશાની, ખુશ્બુ, સુધા અલ્પીતા, ઝીની (ગીતા ચંપકની દિકરી), ઝીના (જીતુ પ્રવીણલાલા ઈજારદારની દિકરી) વિગેરેનો સમાવેશ થાય છે.

ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈ સાથે

મારી માતાના સંસ્કારોના પ્રતાપે દરેક સ્ત્રીને હું માતૃશકિત તરીકે નિહાળુ છું અને માન-સન્માન આપું છું. મારી સગી ત્રણ બહેનો ઉપરાંત મારા જીવનમાં આવેલી કેટલીક મહિલાઓને મેં માનેલી બહેન બનાવી છે. જેમાં (૧) પૂજા ઓજસ મહેતા કે જેઓ રાજસ્થાની મારવાડી વૈષ્ણવ પરિવારના હોવા છતાં મારા પરિવારમાં દુધમાં સાકરની જેમ ભળી ગયા છે. તેઓ વ્યવસાયે ચાર્ટડ એકાઉન્ટન્ટ છે. સિમ્પલ લિવીંગ અને હાઈ થીંકીંગની વિચાર શ્રેણી ધરાવે છે. જીવનની ચડતી-પડતીમાં સતત પતિ સાથે ઊભી રહેલી દેખાય છે. (૨) ગીતાંજલી ઈટાલીયા કે જેઓ ગરીબ અને અનાથ બાળકો માટે જહાંગીરપુરા ખાતે ખુબ સેવા કાર્યો કરે છે. તેઓ માટે શિક્ષણના વર્ગો ચલાવે છે. પોતે સંગીત અને કળાના ઉપાસક હોય ગરીબ વિધાર્થીઓ અને વિધ્યાર્થીનીઓ માટે ભરતનાટયમ અને કથકના વર્ગો ચલાવે છે. મહિધરપુરા અર્બન સોસાયટીના ડિરેકટર તરીકે સેવાઓ આપી ગરીબ મહિલાઓ માટે આર્થિક રીતે મદદરૂપ થાય છે. પ્રખર હિંદુત્ત્વમાં માનતા હોય એક સગીર વયની દિકરીને જ્યારે વિધર્મી યુવાન ભગાડી ગયો હતો ત્યારે તેઓ એકલપંડે તેના વિસ્તારમાં ધસી ગયા હતાં અને પાંચસોના ટોળાં વચ્ચેથી પેલી સગીર દિકરીને બચાવી લાવ્યા હતાં. તે ઉપરાંત સંધ્યા અનુપમ ગહલોત, દર્શના જતીનભાઈ ગાંધી, ઉર્વશી અશ્વિન મામા, ઉર્વશી બિપીન મોરાર, ઉર્વશીબેન એન. સી. પટેલ, મનીષાબેન કાબરાવાલા, પ્રાચી મહેશ ભગત, દિવ્યા ભીમરાડ, બિંદુ ગિરીશ પટેલ, ચકીબેન ઈજારદાર, જીનલબેન (કિન્નર), ભૂ.પૂ. મહિલા પો.ઈ. રાઠોડબેન, ઉર્વશી બિપીનચંદ્ર, વંદના પટેલ (મગદલ્લા), રમાબેન જગદીશ લશ્કરી (લશ્કરી ભજીયા સેન્ટર), રાખી નિકુંજ, હેત્વી કૃણાલ રાજાભાઈ પણ માનેલી બહેનોમાં સમાવેશ થાય છે કે જેઓ દર વર્ષે રાખડી બાંધી ભાઈ-બહેનના પ્રેમને જીવંત રાખે છે. પ્રખર હિન્દુત્વવાદી નેતા અને આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક તેમજ કેન્સર સર્જન એવા ડૉ. પ્રવિણ તોગડિયા, ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કામાખ્યા માતા મંદિરના પુજારીશ્રી જિન્ટુ મહારાજ, આંતર રાષ્ટ્રીય કથાકાર મેહુલભાઈ જાની, રોહિત શાસ્ત્રી તથા પોથી વાચક બાલકિશન મહારાજ, રાકેશ મહારાજ (ધરમપુર) કાંતિભાઈ મહારાજ, તાંત્રિક વિધિના ગુરુ અજય પો. દવે (ઉજ્જૈન) ના વર્તન અને વિચારોનો મારા જીવન ઉપર ખુબ સકારાત્મક અને આદ્યાત્મિક પ્રભાવ છે જેનો હું ગર્વ સાથે સ્વીકાર કરું છું. રાજકીય અને સામાજીક ક્ષેત્રે અગ્રણીઓ એવા જળશકિત મંત્રી શ્રી સી.આર. પાટીલ, ધારાસભ્યશ્રી સંદિપ દેસાઈ, પુર્ણેશ મોદી, અરવિંદ રાણા, દર્શન નાયક (સાંધીયેર), આત્મારામ પરમાર, ભાજપ અગ્રણીઓ સર્વશ્રી જીજ્ઞેશ પાટીલ, છોટુભાઈ પાટીલ, સંગીતાબેન પાટીલ, વિજય વાવૈયા, ઝંખના પટેલ, કેયુર હેમંત ચપટવાલા, મહેશભાઈ લાલભાઈ ઉજારદાર, એન.સી. પટેલ (ગોલ્ડ મેડલીસ્ટ, નિવૃત્ત ડી.વાય.એસ.પી. અને બે વખતના રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા), ડૉ. પૂર્વેશ ઢાકેચા, પ્રકાશ કોન્ટ્રાકટર (પરિવર્તન ટ્રસ્ટ), કિશોર પટેલ (કાંઠા વિભાગ ખલાસી સમાજના વડા), મધુબેન સુરેશભાઈ પટેલ, અશ્વિનભાઈ રણછોડભાઈ પટેલ, કાંતિભાઈ કેશવભાઈ, મફતભાઈ શિરોયા, રમેશ ભાદાણી, રમેશ લશ્કરી, મહેશભાઈ સુમિલોન, રાજુભાઈ દોડીયાવાળા, અક્ષય રાજુગીજુ, પંકજ રાજુગીજુ, હિતેશ પટેલ (ભરથાણા), કનૈયાલાલ લાલભાઈ કોન્ટ્રાકટર, અનિલ વડાપાંઉ, અજય માણેકલાલ રેશમવાળા, કનૈયાભાઈ ભાઈદાસ જરીવાળા, હરીશભાઈ પટેલ, અશોક ધનજી, મેહુલ અજીત પીઠાવાલા, સ્વ. હેતલ પ્રવીણભાઈ, ડેનીશ લશ્કરી, વિનોદ સુરતી ખમણ વિગેરે સાથે મારા વ્યકિતગત સંબંધો છે. જેઓ મને સામાજીક સેવાઓ વખતે ખુબજ ઉપયોગી અને માર્ગદર્શક નિવડે છે.

મારા સહજ અને સરળ સ્વભાવના કારણે મારા મિત્રોનું લિસ્ટ તો ખુબ લાંબુ લચક છે. સતત સંપર્કમાં રહેતા અને વાર-તહેવારે કોઈપણ મદદ માટે હંમેશા ઉપલબ્ધ રહેતા જુદાં-જુદાં ફિલ્ડના અગ્રણી દોસ્તોમાં ઘણાં નામ સુમાર છે. જેમ કે ઉદ્યોગપતિઓમાં અરવિંદ આહિર (હોટેલિયર-પેરિસ), મહેન્દ્રસિંહ મહિડા, ઈલ્યાસ રેલ્વેવાળા, બળવંત ઉમરીગર (ઓસ્ટ્રેલીયા), પંકજ પટેલ (સોમેશ્વરા ગ્રુપ), મુકેશ-હિમ્મત, સ્વ. તુષાર ઘેલાણી, મહેશભાઈ પાંચીયા, નિરવ-અમરભાઈ (પારેખ જ્વેલર્સ), રજની સોની (સોની જ્વેલર્સ), વિજયભાઈ ભરવાડ, હિતેન્દ્ર નાણાવટી (નાણાવટી ટોયોટા, હોન્ડા કાર્સ), કિર્તીભાઈ અને ગોવિંદભાઈ (જી-૩), જતીનભાઈ જે. ચલિયાવાળા (ભગવાનદાસ), જીગર તમાકુવાળા, એડવોકેટ મિત્રો સર્વશ્રી જતીનભાઈ ગાંધી, વિપુલ જાગીરદાર, મનોજ એલ પટેલ, કલ્પેશ દેસાઈ, ગિરીશ વાંસીયા, નિતીન એન ઠાકર, કિર્તી બનાતવાળા, રમેશ કાપડીયા, કનુ પટેલ, આરીફ ડોકટર, માજી મેયર દક્ષેશ માવાણી, હસમુખ માવાણી, કનૈયાલાલ જરીવાલા, સ્વ. ડો. કનુ માવાણી, ડો. તુષાર ચૌધરી, સ્વ. સહદેવ ચૌધરી, જગુભાઈ, મોંજિનીઝ, મનિષ મહેન્દ્ર કતારગામવાળા, આર્કિ. નિતીન પટેલ, ભરત તલાટી, નરેન્દ્ર મિસ્ત્રી, અશ્વિન એ.વી. સન્સ, પ્રફુલ મોદી, ચિરાગ (ધીરજ સન્સ) સુધીર મગન, રમેશ ચોખટ, નરેશ રેશમવાલા, પરબત કાકડીયા, નરેશ વિડીયો, ગોપાલ ડોકાનીયા, નયનશાહ (રોનક), વિરેન શાહ (જીવરાજ), ગુગી ઉર્ફે ધર્મેશ જોષી (અમિતાભ બચ્ચનના પી.એસ.) અંકિત તિવારી, પંકજ લશકરી, નિહાલ ભુરીયા ખલાસી, પંકુ નટવરલાલ ખલાસી, મુંબઈની ફિલ્મી હસ્તીઓમાં પુનિત ઈસ્સાર, સંજયલીલા ભણસાલી, પોલીસ અધિકારીઓમાં સર્વશ્રી ગજેન્દ્રસિંહ પુવાર (નિવૃત્ત ડી.એસ.પી.), એ.સી.પી. અંકિત સોમૈયા, એ.સી.પી. દિપ વકીલ, એ.સી.પી. આર. આર આહિર, પી.આઈ. નિતીન ભરવાડ, પી.આઈ. એમ.બી. પટેલ, પી.એસ.આઈ. તિવારી, હે.કો. વિજયસિંહ છે. વિવિધ ક્ષેત્રના સ્પેશિયાલીસ્ટ ડોકટર મિત્રોમાં સર્વશ્રી ડો. અશોકશાહ, ડો. એમ.આર. સૈયદ, ડો. સંજયશાહ, ડો. કમલ લીમડી, ડો. રાજીવ ચૌધરી, ડો. અનિરૂધ્ધ આપ્ટે, ડો. ધવલ પટેલ, ડો. અતુલ અભ્યંકર, ડો. જગદીશ માંગે, ડો. રાયજીવાલા, ડો. સાજી મરાર, ડો. સોમિત્ર વિનોદ શાહ, ડો. અશોક પ્રજાપતિ, ડો. રાજેશ પ્રજાપતિ, ડો. કુમાર નાયક, ડો. રાજીવ મહેતા, ડો. રમેશ છટવાણી, ડો. સુભાષ નંદવાણી, ડો. મયંક કાબરાવાલા, ડો. પી.ટી. નાયક, ડો. મયુર વાઘેલા, ડો. અજય પટેલ, ડો. દયાનિધિ, ડો. જેનિલ ગાંધી, ડો. દેવાંગ દેસાઈ, ડો. મહેશ વિન્ચુરકર, ડો. મયંક અગ્રવાલ, ડો. સિધ્ધાર્થ જૈન, ડો. કેતન દેસાઈ, ડો. આશિષ (મહાવીર હોસ્પિટલ), ડો. જોય શાહ, ડો. મેઘના જોય શાહ, ડો. પ્રજ્ઞેશ શાહ, ડો. નેહલ પટેલ, અરવિંદ માલવીયા, ડો. રઘુનાથન અને ડો. પરેશ વર્તી (લીલાવતી - મુંબઈ), ડો. હોમિ દસ્તુર, ડો. આભા નાગરાલ, ડો. જરી દુધવાડીયા, ડો. વસંત મિશ્રા (હિન્દુજા-મુંબઈ), ડો. એ.જી. દેસાઈ, ડો. નિલેશ ડોકટર વિગેરેનો સમાવેશ થાય છે. જાણીતા બેન્કર્સમાં સર્વશ્રી બ્રિન્દા દોશી (એકસીસ બેંક), ડિમ્પલ સોપારીવાલા (સુરત પીપલ્સ બેંક), કૃતિકા (આઈ.સી.આઈ.સી.આઈ. બેંક), સંપત સર (એચ.ડી.એફ.સી. બેંક), નૈતિક સર (આઈસીઆઈસીઆઈ બેંક) ઉપરાંત પ્રિન્ટ, ઈલેકટ્રોનિકસ તેમજ સોશિયલ મિડિયા ક્ષેત્રના સર્વશ્રી ભરતભાઈ રેશમવાળા (ગુજરાત મિત્ર) અભિષેક શર્મા, ચિરાગ ચોક્સી, મુકેશભાઈ, ધર્મેશ કુકડીયા, વહાબ બેલીમ, અપૂર્વ મહેતા, ગણેશ સાવંત, સાગર સાવંત, રાજુ વાલંદ, પ્રકાશવાળા, પરવિનબેન, જયશ્રીબેન, રશ્મિ રાણા, અજય દવે, સલીમ શેખ, કાદિર શેખ

જળશકિત મંત્રીશ્રી સી.આર.પાટીલ સાથે

વિગેરે છે. ઉપરોકત યાદી ટુંકી પડી જાય એટલા બધાં નામો મારા ભાથામાં છે. મને તેનો ગર્વ છે. આ મારા મિત્રો કરતાં મારા સ્વજનો વધુ જણાય છે. આ તમામની મારી સાથે ખુબસુરત આજીવન દોસ્તી નિભાવવા બદલ હું સદાય તેમનો ઋણી રહીશ.

મારા વ્યકિતત્વ, મારી ઓળખ તેમજ મારી કાર્યશૈલીથી પ્રભાવિત થઈને મારા કેટલાંક અંગત મિત્રોએ મારૂં શાબ્દિક ચિત્ર રજૂ કર્યુ છે જે અત્રે શબ્દસઃ પ્રસ્તુત છે.

સુરતના ૪૧ વર્ષ જુના રીયલ એસ્ટેટ ડેવલપર અગ્રણી લેન્ડ ડેવલપર, કાંઠા વિસ્તારના સમાજિક અગ્રણી, ગરીબ તેમજ પછાત જનતાના હામી, એક દરિયાદિલ ઈન્સાન, દલિત અને શોષિતોનું અહિત કરનાર સ્થાપિત હિતો વિરૂધ્ધ મર્દાનગીથી લડત ચલાવનાર, જો સરકારી નિતી જનતાની વિરૂધ્ધમાં હોય તો સરકાર વિરૂધ્ધ પણ આંદોલનનું શસ્ત્ર ઉપાડનાર, પ્રખર સનાતની અને શિવ ભકત હોવા ઉપરાંત ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પોતે ચેલા હોવાનો દાવો કરનાર અને ખાસ કરીને "ડુમસ કા રાજા" તરીકેની ધાંસુ ઓળખ ધરાવનાર દીપક ધીરૂભાઈ ઈજારદાર ને કોણ નથી ઓળખતું ? કળીયુગના "ભામાશા" તેમજ "કર્ણ" જેવા દાનવીરની ઉપમા ધરાવનાર દીપક ઈજારદાર આજે એવી મોટી સેલિબ્રિટિ બની ગયા છે કે દરેક કોઈ વ્યક્તિ પોતાને ત્યાં સામાજિક કે ધાર્મિક પ્રસંગ હોય તો તેમાં તેમની હાજરી ઈચ્છે છે. આવા પ્રસંગોમાં તેમને ઉપસ્થિત રહેવાનું આમંત્રણ આપવા માટે બીજા શહેરો અને રાજ્યોના લોકો દૂર-દૂરથી તેમની પાસે આવી રહયાં છે.

પોતાની જીવન જીવવાની આગવી વૈભવી, રોયલ અને લકઝૂરિયસ લાઈફ સ્ટાઈલના કારણે અને આજના સોશિયલ મીડિયાના જમાનામાં ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુ-ટયુબ, ટેલીગ્રામ, સ્નેપચેટ, એઆઈ જેવા પ્લેટફોર્મ થકી તેઓ સતત ચર્ચામાં રહે છે. ત્યારે તેમનું વ્યક્તિત્વ પણ જાણવા જેવું છે.

દીપક ઈજારદાર સ્વતંત્રતા સેનાની ધીરૂભાઈ પરભુભાઈ ઈજારદારના એક ના એક સુપુત્ર છે. ગરીબો અને પીડિતો પ્રત્યે માનવતા દાખવી તેમના ઉત્થાન માટે શકય એટલી મદદ કરવી અને તેમના હક્ક માટે શાસકો વિરૂધ્ધ પણ આંદોલન ઉપાડવું એ સંસ્કાર તેમને વારસામાં મળ્યાં છે. જેથી જ કાંઠા વિસ્તારના લાખો રહીશોમાં તેઓ ખૂબ જ લોકપ્રિય અને ભારે પ્રતિષ્ઠા ધરાવનાર પર્સનાલિટી છે. તેમના સુરત-ડુમસ, સુલતાનાબાદ સ્થિત "ભકિતધામ" ખાતેના નિવાસ સ્થાને વહેલી સવારથી મોડી રાત સુધી રાજાની જેમ દરબાર સજેલો હોય છે. જયાં મદદની અપેક્ષાએ આવેલ ગરીબ, પીડિત, સાધુ-સંતો, સામાજિક સંસ્થાઓ કે મંડળો કયારેય નિરાશ થઈને જતાં નથી. દાનની સરવાણી અહીં સતત વહેતી રહે છે. તેમના ઘરના દરવાજા ચોવીસે કલાક જરૂરિયાત મંદ વ્યક્તિઓ માટે ખુલ્લા રહે છે જ્યાં મદદની અપેક્ષાએ આવેલ વ્યક્તિને ફૂલ નહીં તો ફૂલ ની પાંખડી જરૂરથી મળશે જ તેવું તેમણે બાકાયદા જાહેર પણ કરેલું છે.

સુરતના ભૂ.પુ. પો.કમિ. અનુપમ ગેહલોત સાથે

મંદિરોની સાલગીરી હોય કે જીર્ણોદ્વાર હોય, સ્મશાનોનું રિનોવેશન હોય, વિકલાંગ અને દિવ્યાંગ વ્યક્તિઓને સહાયરૂપ થતી સંસ્થાઓ હોય, સામાજિક મેળાવડાનો પ્રસંગ હોય, ગરબાની સ્પર્ધા, બોક્સ ક્રિકેટ, યુવાનોની ક્રિકેટ ટુર્નામેન્ટ હોય, નવી યુવા પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા ક્રિકેટની કીટનું વિતરણ હોય, તેજસ્વી તારલાઓનું સન્માન હોય કે તેમને પ્રોત્સાહિત કરવા માટે ટેક્સ્ટ બુક, નોટબુક, સ્કૂલ બેગ, કંપાસ વિગેરેનું વિતરણ હોય, સમૂહ લગ્નના પ્રસંગમાં વર-કન્યા માટે કપડા, ડ્રેસ મટીરીયલ કે વાસણોની વ્યવસ્થા કરવાની હોય, પોલીસ કે મહાનગર પાલિકાના તમામ વર્ગના કર્મચારીઓના કામની કદર કરી તેઓને પ્રોત્સાહિત કરવાના હોય, ગરીબ-વિધવા અને નિઃસહાય બહેનોને ઘરવખરી કે અનાજની કીટ પહોંચાડવાની હોય તેમની આર્થિક મદદ સતત આવા ઉમદા કાર્યો માટે ઉપલબ્ધ હોય છે. તેથી જ "દીપક ધીરૂભાઈ ઈજારદાર" કાંઠા વિસ્તારના "રાજા" તરીકે ઓળખાય છે કે જે પોતાની પ્રજાને દુઃખી - અસહાય કે પીડિત તરીકે જોઈ શકતો નથી. આવા જરૂરતમંદો માટે તેમના દિલમાં સંવેદના અને કૃપાનું ઝરણું સતત વહેતું રહે છે. પ્રજા વત્સલ વ્યકિત તરીકે તેમની જે છાપ છે તેના પરિણામે કોઈ વ્યકિત તેઓને "ડુમસ કા ટાઈગર" કોઈ "ભામાશા" કોઈ "કળિયુગના કર્ણ" કોઈ "રાજા" તો કોઈ "અણમોલ દાતાશ્રી" તરીકે બોલાવે છે. આમ તેઓ અંદાજે સાડા સાત કરોડની વસ્તીના કાંઠા વિભાગના એકમાત્ર અગ્રણી નેતા તરીકે ઉભરી આવ્યા છે.

ડુમસ બનશે ગ્રોથ એન્જિન

૪૧ વર્ષ જુના લેન્ડ ડેવલપર તરીકેના ધંધા-વેપારમાં પોતાની આગવી સુઝ, અનુભવ અને નોખી પ્રતિભાની હવે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ રહી છે તેવું દિપક ઈજારદારનું સ્પષ્ટ માનવું છે. તેથી જ ગુજરાતના અગ્રણી એવા કચ્છ- સૌરાષ્ટ્ર-ધોલેરા, ભારતના અગ્રણી મુંબઈ, જયપુર, કાશી, નોઇડા વિગેરે ઉપરાંત યુ.એસ.એ., યુ.કે. અને યુરોપ જેવા આંતરરાષ્ટ્રીય શહેરોના અગ્રણી ઉધોગપતિઓ અને બિલ્ડરો તેઓને ત્યાં ઈન્વેસ્ટમેન્ટ કરવા માટે ઈજન એટલે કે આમંત્રણ આપી રહયાં છે.

હાલમાં જેઓની ખૂબ ચર્ચા છે એવા વિશ્વગુરુ, વિશ્વનેતા, ભારતના લોકપ્રિય અને યશસ્વી વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂર દ્રષ્ટિના કારણે સુરતના ડુમસ વિસ્તારની વર્લ્ડ ટુરિઝમ સ્પોટ તરીકે કાયાપલટ થવા જઈ રહી છે. તેમજ ગ્લોબલ નવરાત્રિ અને યોગના કાર્યક્રમોના આયોજન દ્વારા તેનું આંતરરાષ્ટ્રીયકરણ થઈ રહયું છે. તેના કારણે આપણાં શહેર સુરતનો ડુમસ વિસ્તાર ગુજરાત રાજયનું તેમજ દેશનું વિકાસ એંજિન બને તેમાં કોઈ મીનમેખ નથી. તે દિશામાં પણ દિપક ઈજારદાર વેપાર વિકાસની ઉજળી તકો જોઈ રહયાં છે. તેઓ પાસે ડુમસ વિસ્તારમાં મોટી લેન્ડબેંક હોવાથી તેઓ એવા લકઝુરિયસ અને વિશાળ રેસિડેન્શિયલ પ્રોજેકટોનું આયોજન કરી રહ્યાં છે જેમાંથી ડુમસ સી-ફેસ ની સાથે તાપીનો કાંઠો અને અફાટ દરિયાની સુંદરતાનો અદ્ભુત તેમજ ખૂબસુરત નજારો જોઈ શકાશે. દિવાળી પછીનાં શુભ દિવસોમાં આ પ્રોજેકટોની ઘોષણા પણ થવા જઈ રહી છે. નજીકના જે ગ્રાહકોને દીપક ઈજારદારના ઉપરોક્ત પ્રોજેકટોની જાણ થઈ ચૂકી છે તે લોકો તો અત્યારથી જ તેઓની પાસે એડવાન્સ બુકિંગ કરાવવા માટે તલપાપડ થઈ રહ્યાં છે.

પરંતુ વેપાર સાથે જનસેવાનો મંત્ર તેઓ વિસરવા માંગતા નથી. જેથી જ ગરીબ અને પીડિત વ્યકિતઓની સેવાનો એરીયા હવે તેઓ સુરતથી આગળ વધી ગુજરાતના અને દેશના અન્ય સ્થળોએ પણ વિસ્તારવા પ્રબળ ઈચ્છા ધરાવે છે અને તે દિશામાં ભારે જહેમત ઉઠાવી ખૂબ લગનથી કામ કરી રહયાં છે.

સ્વ. ધીરૂભાઈ (પિતાશ્રી) પરભુભાઈ ઈજારદાર
સ્વ. મણીબેન (માતૃશ્રી) ધીરૂભાઈ ઈજારદાર
હર્ષાબેન હીરાલાલ પટેલ (બહેન)
સુધાબેન મનસુખલાલ પટેલ (બહેન)
ભાવનાબેન હિતેન્દ્રભાઈ પટેલ (બહેન)
ધ્યેય દીપકભાઈ ઈજારદાર (સુપુત્ર)
અરવિંદ આહીર (પરમ મિત્ર - પેરીસ)
વિજયભાઈ વાવૈયા (પરમ મિત્ર)
સ્વ. માણેકલાલ ભગવાનદાસ રેશમવાલા (ગુરુ)

**શુભેચ્છક : દીપક ધીરૂભાઈ ઈજારદાર - ધ્યેય દીપક